ઈન્ડોનેશિયાના જાવામાં બે ટ્રેન સામસામે અથડાઈ, 4નાં મૃત્યુ

અન્ય 28 લોકો ઈજાગ્રસ્ત થયા

287 મુસાફરોને લઈ જતી એક્સપ્રેસ ટ્રેન અને 191 મુસાફરો સાથે જતી લોકલ ટ્રેન વચ્ચે અથડામણ થઈ

બાનદુંગ (ઈન્ડોનેશિયા), તા. 5 (એપી): ઈન્ડોનેશિયાના મુખ્ય ટાપુ જાવા પર શુક્રવારે બે ટ્રેનો અથડાઈ હતી જેના કારણે ડબ્બાઓ પલટી ગયા હતા અને ઓછામાં ઓછા 4 લોકોનાં મૃત્યુ થયાં હતાં અને 28 લોકો ઈજાગ્રસ્ત થયા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ અકસ્માત પશ્ચિમ જાવા પ્રાંતના સિકાલેંગકા ટ્રેન સ્ટેશનથી લગભગ 500 મીટર દૂર થયો હતો, એમ રાષ્ટ્રીય રેલ્વેના પ્રવક્તા અયેપ હનાપીએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે 287 મુસાફરોને લઈ જતી તુરાંગા એક્સપ્રેસ ટ્રેન પૂર્વ જાવા પ્રાંતની રાજધાની સુરાબાયાથી આવી રહી હતી, જ્યારે તે સવારે 6:30 વાગ્યે સિકાલેંગકા સ્ટેશનથી 191 મુસાફરો સાથે પડલારંગ તરફ જઈ રહેલી બાંડુંગ રાયા લોકલ ટ્રેન સાથે અથડાઈ હતી.

'દુર્ઘટનાગ્રસ્ત બે ટ્રેનોના તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે,' એમ હનાપીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે ઈજાગ્રસ્તો પૈકી 22 લોકોને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે, જેમાં મોટાભાગે માથામાં ઈજા થઈ છે.

પોલીસે જણાવ્યા મુજબ મૃતકોમાં લોકલ ટ્રેનનો ડ્રાઈવર અને તેનો સહાયક અને એક્સપ્રેસ ટ્રેનના 2 ક્રૂ સભ્યો હતા.

સામે આવેલા ફુટેજમાં દેખાય છે કેટલાંક ડબ્બાઓ પલટી ગયા હતા, એક ડબ્બો નજીકના ચોખાના ખેતર સુધી ગબડીને પહોંચી ગયો હતો. લોકો બૂમો પાડી રહ્યા હતા અને મુસાફરો ડબ્બામાંથી બહાર નીકળવાના પ્રયાસ કરી રહ્યા હતા.

ટ્રાન્સપોર્ટ મંત્રાલયના પ્રવક્તાએ અકસ્માત માટે અને જાવા દ્વિપ પર રેલવે વ્યવહાર ખોરવાઈ જવા બદલ દિલગીરી વ્યક્ત કરી હતી. અકસ્માતના કારણની તપાસ કરાઈ રહી છે.

અયોધ્યા કેસના અરજદાર ઇકબાલ અન્સારીને રામ મંદિરના ઉદ્ઘાટનનું આમંત્રણ અપાયું

આ કેસમાં એક મુસ્લિમ અરજદાર કરી ચુકેલા અન્સારી કહે છે કે પોતે આ સમારંભમાં હાજર રહેશે

મંદિર ટ્રસ્ટના એક પ્રતિનિધિ દ્વારા તેમને ઘરે જઇને હાથો હાથ આમંત્રણ પત્રિકા આપવામાં આવી

અયોધ્યા, તા. ૫(પીટીઆઇ): ઇકબાલ અન્સારી, કે જેઓ રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ કેસના એક મુસ્લિમ અરજદાર હતા, તેમને અયોધ્યામાંના રામ મંદિરના આગામી પ્રાણ પ્રતિષ્ઠા સમારંભ માટે આજે આમંત્રણ મળ્યું હતું અને તેઓ કહે છે કે તેઓ આ ભવ્ય કાર્યક્રમમાં હાજર રહેશે.

આ અયોધ્યા નગરી છે, તે ધર્મનું શહેર છે, હિન્દુ અને મુસ્લિમ સમુદાયોના દેવો અહીં હાજર છે. અયોધ્યામાં હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે ભાઇચારો છે અને કોઇ તનાવ નથી. ભલે તે મંદિર હોય, મસ્જિદ હોય કે ગુરુદ્વારા હોય કોઇ ભેદભાવ નથી. અયોધ્યામાં જેઓ આવી રહ્યા છે તેમનામાં સંવાદિતાની લાગણી છે એમ મુજબ તેમણે આમંત્રણ મળ્યા બાદ પત્રકારોને જણાવ્યું હતું. અયોધ્યામાં કોટિયા પાંજીતોલા ખાતે આવેલા તેમના ઘરે તેમને હાથો હાથ આમંત્રણ આપવામાં આવ્યું હતું એમ તેમના પુત્રી શમા પરવીને પીટીઆઇને જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૨ જાન્યુઆરીએ યોજાનાર પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવ માટે આ મંદિર નગરીમાં એક લાખ કરતા વધુ શ્રદ્ધાળુઓ ઘસારા કરે તેવી શક્યતા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ભારત અને વિદેશોમાંથી ૭૦૦૦ જેટલા મહેમાનોને આમંત્રણ અપાયું છે.

અયોધ્યા કેસમાં એક મુસ્લિમ અરજદાર રહેલા અન્સારીએ ૩૧ ડિસેમ્બરે પીટીઆઇને કહ્યું હતું કે મુસ્લિમ સમુદાય આ મંદિરના કેસમાં ૨૦૧૯ના સુપ્રીમ કોર્ટના ચુકાદાને માન આપે છે. આમંત્રણ પત્ર પર લખવામાં આવ્યું છે કે શ્રી ઇકબાલ અન્સારી જી, અયોધ્યા(અવધ પ્રાંત). મંદિર ટ્રસ્ટના એક પ્રતિનિધિ દ્વારા આ આમંત્રણ પત્ર તેમને હાથો હાથ આપવામાં આવ્યો હતો.

શરદ પવારના પૌત્રની કંપની પર ઈડીના દરોડા

રોહિતની હાલમાં જ પૂર્ણ થયેલી 'યુવા સંઘર્ષ યાત્રા'ને મળેલા પ્રતિસાદથી ભાજપ ગભરાયો છે: એનસીપી

મુંબઈ, તા. 5 (પીટીઆઈ): એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે શુક્રવારે ધારાસભ્ય રોહિત પવારની માલિકીની એક કંપની અને તેનાથી જોડાયેલી અન્ય કંપનીઓના સંકુલમાં શોધ તપાસ કરી હતી, મહારાષ્ટ્ર સ્ટેટ કો-ઓપરેટીવ બેન્ક કૌભાંડમાં તપાસના ભાગરૂપે આ કાર્યવાહી હાથ ધરાઈ હતી. રોહિત રાજ્યસભા સાંસદ શરદ પવારના ભત્રીજાના પુત્ર છે, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

બારામતી, પૂણે, પીમ્પ્રી અને ઔરંગાબાદમાં ઓછામાં ઓછા 6 સ્થળો પર શોધ તપાસ કરાઈ હતી, એમ તેમણે કહ્યું હતું. બારામતીમાં બારામતી એગ્રોની ઓફિસમાં પણ તપાસ કરવામાં આવી હતી.

38 વર્ષીય રોહિત પવાર મહારાષ્ટ્રની કરજત-જામખેડ બેઠક પરથી પ્રથમ વખતના ધારાસભ્ય છે અને તેઓ બારામતી એગ્રોના માલિક અને સીઈઓ છે. તેઓ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) શરદ પવાર જૂથના છે.

રોહિત પવાર બારામતીના સાંસદ સુપ્રિયા સુલે અને અજિત પવારના ભત્રીજા છે જેઓ રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને બારામતીના ધારાસભ્ય છે.

મહારાષ્ટ્ર સ્ટેટ કો-ઓપરેટિવ બેન્ક મની લોન્ડરિંગ કેસ મુંબઈ પોલીસની આર્થિક અપરાધ શાખાની ઓગસ્ટ 2019ની એફઆઈઆરમાંથી આવ્યો છે.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ (શરદ પવાર જૂથ) દરોડા પર પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે રોહિત પવારની હમણાં જ પૂર્ણ થયેલી 'યુવા સંઘર્ષ યાત્રા'એ સામાન્ય લોકોને પ્રભાવિત કર્યા હતા અને ભાજપ તેનાથી અસુરક્ષિત અનુભવી રહ્યો છે. રોહિત, હાલમાં વિદેશમાં પારિવારિક વેકેશન પર છે. તેમણે મહારાષ્ટ્રમાં યુવાનોને જે સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે તેને ઉજાગર કરવા માટે ગયા વર્ષના અંતમાં પુણેથી નાગપુર સુધીની પદયાત્રા યોજી હતી.

કેલિફોર્નિયામાં હિન્દુ મંદિરમાં ખાલિસ્તાની સમર્થકોએ ભારત વિરોધી સૂત્ર લખ્યા

હિન્દુ અમેરિકન સંગઠનની સલાહ: હિન્દુ મંદિરોએ સિક્યુરીટી કેમેરા અને અલાર્મ સિસ્ટમ લગાવવી જોઈએ

વોશિંગ્ટન, તા. 5: અમેરિકાના કેલિફોર્નિયામાં એક હિન્દુ મંદિરમાં ખાલિસ્તાની સમર્થકોએ સૂત્રો લખ્યા હતા. થોડા અઠવાડિયા પહેલાં જ કેલિફોર્નિયામાં સ્વામિનારાયણ મંદિરમાં તોડફોડ કરાઈ હતી ત્યારબાદ આ બનાવ સામે આવ્યો છે. હિન્દુ અમેરિકન ફાઉન્ડેશને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી કેલિફોર્નિયામાં આવેલા શેરાવાલી મંદિરમાં થયેલી તોડફોડનો અહેવાલ આપ્યો હતો જેમાં મંદિરની દિવાલો પર સૂત્રો લખેલી તસવીરો પણ હતી.

સંગઠને જણાવ્યું હતું કે તેઓ આ બનાવના સંબંધમાં પોલીસ સાથે સંપર્કમાં છે. સંગઠને સલાહ આપી હતી કે હિન્દુ મંદિરોએ સિક્યુરીટી કેમેરા અને અલાર્મ સિસ્ટમ લગાવવી જોઈએ કારણ કે ખાલિસ્તાની સમર્થકો સાથે જ હિન્દુ વિરોધી તત્વો તરફથી જોખમ વધી રહ્યું છે.

23 ડિસેમ્બરના રોજ ખાલિસ્તાની સમર્થકોએ કેલિફોર્નિયામાં આવેલા સ્વામિનારાયણ મંદિરની દિવાલો પર ભારત વિરોધી સૂત્ર લખ્યા હતા. હિન્દુ અમેરિકન સંગઠન દ્વારા પોસ્ટ કરવામાં આવેલી તસવીરોમાં દેખાય છે કે ભારત અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરૂદ્ધ ઘૃણાજનક સત્ર ચિતરવામાં આવ્યા છે. આ બનાવ પર નોંધ લેતા વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું હતું કે ઉગ્રવાદીઓ અને અલગતાવાદીઓને અવકાશ આપવો જોઈએ નહીં.

પેજ 3

મલાઇકા અરોરાને કપૂર ખાનદાનમાં એન્ટ્રી મળી

મુંબઇ, તા. ૫: સલમાન ખાનના ભાઇ અરબાઝ ખાન સાથે છૂટાછેડા થયા બાદ અભિનેત્રી મલાઇકા અરોરા લાંબા સમયથી અર્જુન કપૂરને ડેટ કરી રહી છે. શરૂઆતમાં એવું સાંભળવામાં આવ્યું હતું કે અર્જુન કપૂરનો પરિવાર મલાઇકાને પસંદ નથી કરતો પરંતુ હવે એક તસવીર બહાર આવી છે જેના પરથી લાગે છે કે કપૂર ખાનદાન હવે મલાઇકાને ખુલ્લા મનથી સ્વીકારી ચુક્યું છે.વાસ્તવમાં મલાઇકા અરોરા અને અર્જુન કપૂર તેમના એક મિત્રના લગ્નમાં પહોંચ્યા હતા જ્યાં કપૂર કુટુંબ પણ હાજર હતું. ત્યાં બધાએ ભેગા મળીને ફોટો પડાવ્યો. અભિનેત્રી સોનમ કપૂર પણ પોતાની થનાર ભાભી સાથે પોતાની બહેનો અંશુલા અને રિયા સાથે ફોટો પડાવવામાં જોડાઇ હતી. બધા ખૂબ ખુશખુશાલ દેખાઇ રહ્યા છે.

અમિતાભે સ્વીમીંગ કોસ્ટ્યુમ સાથેની ફોટો પોસ્ટ કરી

મુંબઈ, તા. 5: મેગાસ્ટાર અમિતાભ બચ્ચન આ ઉમરમાં પણ દરેક વયના લોકોને પ્રેરિત કરે છે. હાલમાં જ તેમણે પોતાના સ્વિમિંગના અનુભવ અંગે એક મજેદાર પોસ્ટ કરી હતી જેના પર તેમના ફેન્સે મોટી સંખ્યામાં પ્રતિક્રિયા આપી હતી. 5 જાન્યુઆરીએ અમિતાભે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર દરિયા કિનારેથી પોતાની એક ધુંધળી તસવીર પોસ્ટ કરી હતી. ફોટામાં તેમણે સફેદ ગંજી અને મેચિંગ શોર્ટ્સની ઉપર સ્વિમિંગ જેકેટ અને બ્લેક ગોગલ્સ પહેરેલો છે. તેમણે કેપ્શનમાં લખ્યું હતું, 'એબી: એક્સક્યુઝ મી સર? ગાઈડ: હા, બોલો? એબીઝ અમેરિકા કેટલી દૂર? ગાઈડ: ચુપ રહો અને તરતા રહો!

આમિર અને કિરણ પુત્રી ઈરાની મેહન્દી સેરમનીમાં ડાન્સ કરતા જોવા મળ્યા

મુંબઈ, તા. 5: આમિર ખાન તેની પુત્રી ઈરા ખાનની મેહંદી સેરમનીમાં પૂર્વ પત્ની કિરણ રાવ અને પુત્ર આઝાદ સાથે ડાન્સ કરતો જોવા મળ્યો હતો, આ અવસરનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ઈરાએ 3 જાન્યુઆરીના રોજ નુપુર શિખરે સાથે પોતાના લગ્નની નોંધણી કરી હતી. હવે બંનેના ભવ્ય લગ્ન 8 જાન્યુઆરીએ ઉદયપુરમાં થવાના છે. નુપુર સેલિબ્રીટીસનો ફીટનેસ ટ્રેનર છે. વાયરલ થઈ રહેલા વીડિયોમાં આમિર, કિરણ અને આઝાદ દેખાઈ રહ્યા છે જ્યારે અંતમાં જુનૈદ ખાન પણ દેખાયો હતો.

આઈરા અને નુપુર શાહી લગ્ન માટે ઉદયપુર પહોંચ્યા

ઉદયપુર, તા. 5: આમિર ખાનની પુત્રી આઈરા ખાને 3 જાન્યુઆરીના રોજ બોયફ્રેન્ડ નુપૂર શિખરે સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. હવે આ યુગલ ઉદયપુરમાં 8 જાન્યુઆરીના રોજ શાહી લગ્ન કરવાના છે. આ માટે આઈરા અને નુપૂર પોતાના પરિવાર સાથે ઉદયપુર પહોંચ્યા છે. લગ્ન ઉદયપુરના ફાઈવ સ્ટાર હોટેલ તાજ અરાવલીમાં થશે. 3 જાન્યુઆરીએ લગ્નની નોંધણી વખતે નુપુર જોગિંગ માટેના કપડા પહેરીને આવ્યો હતો જેના પર ઘણી ચર્ચા થઈ હતી.

અમેરિકામાં એક શાળામાં કિશોરે ગોળીબાર કરતા એક વિદ્યાર્થીનું મૃત્યુ, 5 ઈજાગ્રસ્ત

હુમલાખોર વિદ્યાર્થીએ બાદમાં આપઘાત કર્યો

તેને અન્ય વિદ્યાર્થીઓ કેટલાંક વર્ષોથી હેરાન કરતા હતા જેનાથી તે કંટાળી ગયો હતો

પેરી (અમેરિકા), તા. 5 (એપી): પેરીમાં આવેલા નાના શહેર લોવાની એક હાઈ સ્કુલમાં ગુરુવારે એક 17 વર્ષીય કિશોરે ગોળીબાર કરતા છઠા ધોરણના એક વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું અને 5 અન્ય ઈજાગ્રસ્ત થયા હતા. શિયાળુ રજાઓ સમાપ્ત થયા બાદ ફરીથી શરૂ થયેલી શાળામાં આ બનાવના પગલે અફરાતફરી મચી હતી અને વિદ્યાર્થીઓને ઓફિસ અને વર્ગખંડોમાં સંતાઈ જવું પડ્યું હતું જ્યારે કેટલાંક ગભરાઈને નાસી ગયા હતા.શકમંદ શાળાનો જ વિદ્યાર્થી હતો તે મૃત અવસ્થામાં મળી આવ્યો હતો, તપાસકર્તાઓનું માનવું છે કે તેણે આપઘાત કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈજાગ્રસ્ત થયેલા 5 લોકો પૈકી શાળાના પ્રિન્સીપાલ ડેન મારબર્ગર હતા.હુમલાખોરની ઓળખ 17 વર્ષીય ડીલેન બટલર તરીકે થઈ હતી અને ગોળીબારનો હેતુ જાણી શકાયો નથી.

આદિત્ય એલ-૧ યાનને આજે તેના છેવટની ભ્રમણકક્ષામાં મૂકવા માટે ઇસરો સજ્જ

સૂર્યનો અભ્યાસ કરવા માટેના ભારતના આ પ્રથમ યાનને સૂર્ય અને પૃથ્વી વચ્ચેના એલ-૧ પોઇન્ટની આસપાસની હેલો ભ્રમણ કક્ષામાં મૂકી દેવામાં આવશે

આ ભ્રમણ કક્ષામાં ફરતુ રહીને આ યાન સૂર્યની વિવિધ બાબતોનો અભ્યાસ કરશે

બેંગલુરુ, તા. ૫(પીટીઆઇ): ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ઇસરો સૂર્યનો અભ્યાસ કરવા માટેના ભારતની પ્રથમ અવકાશ સ્થિત વેધશાળા આદિત્ય એલ-૧ને સૂર્યની ફરતેની તેની છેવટની ભ્રમણ કક્ષામાં મૂકવા માટે સજ્જ થઇ ગયું છે, જે ભ્રમણ કક્ષા પૃથ્વીથી લગભગ ૧૫ લાખ કિલોમીટર દૂર છે.

ઇસરોના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે આ અવકાશયાનને સૂર્ય-પૃથ્વી સિસ્ટમના લેન્ગ્રેન્જ પોઇન્ટ ૧(એલ૧)ની આસપાસના હેલો ઓર્બિટમાં મૂકવામાં આવશે, જે ભ્રમણ કક્ષા પૃથ્વીની લગભગ ૧.૫ મિલિયન કિલોમીટર દૂર છે. એલ ૧ પોઇન્ટ એ પૃથ્વી અને સૂર્ય વચ્ચેના કુલ અંતરના એક ટકા જેટલા અંતરે છે. આદિત્ય એલ-૧ યાનને ભ્રમણ કક્ષા બદલવાની ખાસ ક્રિયા કરીને તેની આ નિર્ધારિત ભ્રમણ કક્ષામાં મૂકવામાં આવશે. એલ ૧ પોઇન્ટની આસપાસની હેલો ભ્રમણ કક્ષામાં મૂકાયેલા સેટેલાઇટને મોટા લાભ એ થાય છે કે તે કોઇ પણ ગ્રહણો વીના સૂર્યને સતત જોઇ શકે છે એમ કહેતા તેમણ વધુમાં જણાવ્યું હતું કે આનાથી આ યાનને સૌર પ્રવૃતિઓના નિરીક્ષણ કરવાનો અને અવકાશના હવામાન પર તેની અસરો ચકાસવાનો વધુ લાભ મળશે. યાનની દિશા બદલવાની આ ક્રિયા શનિવારે સાંજે ૪ વાગ્યાની આસપાસ કરાશે અને તે આદિત્ય-એલ૧ યાનને એલ૧ પોઇન્ટની આજુબાજુની હેલો ભ્રમણકક્ષામાં મૂકી આપશે. જો અમે આ કરીએ નહીં તો એવી શક્યતા રહે છે કે આ યાન તેની મુસાફરી ચાલુ રાખે, કદાચ સૂર્ય તરફ એ મુજબ ઇસરોના એક અધિકારીએ પીટીઆઇને આજે જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષની બીજી સપ્ટેમ્બરના રોજ શ્રીહરીકોટા ખાતેના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી પીએસએલવી-સીપ૭ યાન વડે આદિત્ય-એલ૧ યાન અવકાશમાં રવાના થયું હતું. સૂર્યનો અભ્યાસ કરવા માટેનું ભારતનું આ પ્રથમ યાન છે. આ યાન સૂર્યથી એક ચોક્કસ અંતર જાળવીને ભ્રમણ કક્ષામાં ફરતુ રહીને સૂર્યનો વિવિધ રીતે અભ્યાસ કરશે.

હરિયાણામાં ઈડીના દરોડામાં વિદેશી બનાવટના શસ્ત્રો, રૂ. 5 કરોડ રોકડ મળી આવી

હરિયાણામાં કથિત ગેરકાયદેસર ખાણકામ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસના ભાગરૂપે આ કાર્યવાહી કરાઈ

આ ઉપરાંત લગભગ 300 કારતૂસ અને 100થી વધુ દારૂની બોટલ ઈડી દ્વારા કબજે કરાઈ

ચંદીગઢ, તા. 5 (પીટીઆઈ): આઈએનએલડીના ભૂતપૂર્વ ધારાસભ્ય દિલબાગ સિંહ અને તેમના સહયોગીઓ સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્ચ દરમિયાન વિદેશી બનાવટની રાઈફલ્સ, લગભગ 300 કારતૂસ, 5 કરોડ રૂપિયા રોકડા અને 100થી વધુ દારૂની બોટલો મળી આવી હતી, એમ સત્તાવાર સૂત્રોએ શુક્રવારે જણાવ્યું હતું.

કેન્દ્રીય એજન્સીએ હરિયાણાના યમુનાનગર જિલ્લા અને કેટલાક અન્ય પ્રદેશોમાં કથિત ગેરકાયદેસર ખાણકામ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસના ભાગરૂપે ગુરુવારે દિલબાગ સિંહ અને સોનીપતના કોંગ્રેસના ધારાસભ્ય સુરેન્દ્ર પનવાર સામે દરોડા પાડ્યા હતા.

સિંહ યમુનાનગરના ભારતીય રાષ્ટ્રીય લોકદળના (આઈએનએલડી) ભૂતપૂર્વ ધારાસભ્ય છે.

લગભગ 5 કરોડ રૂપિયાની રોકડ, 'ગેરકાયદેસર' વિદેશી બનાવટની રાઈફલ્સ, લગભગ 300 કારતૂસ અને ગોળીઓ, 100થી વધુ દારૂની બોટલો, 4-5 કિલો સોનાના બિસ્કિટ અને જ્વેલરી અને ભારત અને વિદેશમાં સંપત્તિને લગતા દસ્તાવેજો મળી આવ્યા છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. કેટલાક સ્થળોએ શોધ હજુ ચાલુ છે.

યમુનાનગર, સોનીપત, મોહાલી, ફરિદાબાદ, ચંદીગઢ અને કરનાલમાં બે રાજકારણીઓ અને સંબંધિત સંસ્થાના લગભગ 20 સ્થાનો પર પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ પાડવામાં આવેલા દરોડા દરમિયાન આવરી લેવામાં આવ્યા હતા.

ઉત્તર ભારતમાં હાડ થીજાવતી ઠંડી, દિવસનું તાપમાન સામાન્ય કરતા નીચું રહ્યું

આ વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ અને સૂર્યપ્રકાશની ગેરહાજરીના કારણે મહત્તમ તાપમાન 10થી 18 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે નોંધાયું હતું

નવી દિલ્હી, તા. 5 (પીટીઆઈ): ઉત્તર ભારતના મોટાભાગના અને મધ્ય ભારતના અમુક ભાગોમાં હાડ થીજવતા ઠંડા દિવસોની સ્થિતિ શુક્રવારે પણ ચાલુ રહી હતી જ્યારે મહત્તમ તાપમાન 2થી 10 ડિગ્રી સેલ્સિયસ જેવું રહ્યું હતું જે સામાન્ય કરતા નીચું છે.

સિન્ધુ-ગંગાના મેદાનો અને તેની સાથેના મધ્ય અને પૂર્વી ભાગોમાં ગાઢ ધુમ્મસથી લઈને અતિ ગાઢ ધુમ્મસની સ્થિતિના કારણે રેલ અને માર્ગ વાહન વ્યવહાર અસરગ્રસ્ત થયો હતો.

હવામાન ખાતાએ કહ્યું હતું કે હરિયાણા, રાજસ્થાન અને પંજાબમાં મોટાભાગના વિસ્તારોમાં તીવ્ર ઠંડીના દિવસો ચાલી રહ્યા છે જ્યારે દિલ્હીમાં વિવિધ સ્થળો અને ઉત્તરી મધ્ય પ્રદેશના કેટલાંક ભાગોમાં ઠંડા દિવસો ચાલી રહ્યા છે.

આ વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ અને સૂર્યપ્રકાશની ગેરહાજરીના કારણે મહત્તમ તાપમાન 10થી 18 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે નોંધાયું હતું.

ઠંડા દિવસો ત્યારે કહેવાય છે જ્યારે લઘુત્તમ તાપમાન સામાન્ય તાપમાન કરતા 10 ડિ.સે.થી નીચે અથવા તેને સમાન હોય અને મહત્તમ તાપમાન ઓછામાં ઓછું સામાન્ય કરતા 4.5 ડિ.સે. ઓછું હોય. તીવ્ર ઠંડીનો દિવસ તે હોય છે જ્યારે મહત્તમ તાપમાન સામાન્ય કરતા 6.5 ડિ.સે. અથવા તેના કરતા વધુ ઓછું હોય.

દિલ્હીમાં મહત્તમ તાપમાન 14.6 ડિ.સે. નોંધાયું હતું જે સામાન્ય કરતા 5 ડિગ્રી ઓછું છે.

હરિયાણામાં અંબાલામાં મહત્તમ તાપમાન 10 ડિ.સે. હતું જે સામાન્યથી 7.5 ડિગ્રી નીચું છે, પટિયાલામાં મહત્તમ તાપમાન 11.1 ડિગ્રી સે. નોંધાયું હતું જે સામાન્ય કરતા 7.5 ડિગ્રી ઓછું છે. આવી જ સ્થિતિ ઉત્તર ભારતના અન્ય ક્ષેત્રન હવામાન ખાતાએ જણાવ્યું હતું કે હરિયાણા, દિલ્હી, પંજાબ અને રાજસ્થાનમાં આવનારા બે દિવસો સુધી તાપમાન સામાન્ય કરતા નીચું જોવા મળશે.

તાત્કાલીક (અર્જન્ટ) જગ્યા વેચવાની છે

એન.એ. કરેલ બિનખેતી મલ્ટીપરપજ જગ્યા . વીઘા (૨.૦૪) રોડ વગર મોજે ગામ:આરક, તા. જલાલપોર, જિલ્લા નવસારી ની સીમમાં આવેલ સર્વે નં.૨૨૫/પૈકી/૨,નવો બ્લોક નં ૧૨૦ બિનખેતી બાદ સિટી સર્વે નોંધ નં.NA120 કલીઅર ટાઇટલ મલ્ટીપર્પઝ . NA થયેલ જગ્યા

98989 70111 , 98250 70111

torrent POWER

વીજપ્રવાહ બંધ રહેવા બાબત

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૦૮/૦૧/૨૦૨૪, સોમવાર : ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટીટ્યુટ ઈન્ડ.
- ૦૯/૦૧/૨૦૨૪, મંગળવાર : ગિરિરાજ નગર ઈન્ડ. નં. ૩, જય નારાયણ ઈન્ડ. નં. ૨
- ૧૦/૦૧/૨૦૨૪, બુધવાર : મહાવીર માર્કેટ (રીંગ રોડ), રાજ મંદિર કોમ્પલેક્ષ, કરંજ પ્રાયમરી સ્કુલ નં. ૧
- ૧૧/૦૧/૨૦૨૪, ગુરુવાર : દ્વારકેશ ઈન્ડ. નં. ૨ (યુ.એમ.રોડ) - S.S., વઝીરવાલા (પી.કે. રોડ), સુવિધા રો-હાઉસ
- ૧૨/૦૧/૨૦૨૪, શુક્રવાર : બાલાજી ઈન્ડ. નં. ૪ (યુ.એમ.રોડ), આર.કે. દોઢીયાવાલા
- ૧૩/૦૧/૨૦૨૪, શનિવાર : પ્રભુ દર્શન ઈન્ડ. નં. ૩

અસુવિધા બદલ દિલગીર છીએ

વરિષ્ઠ અને દિવ્યાંગ નાગરિક ઘરે બેઠા અમારી સેવાઓ ઉપલબ્ધ કરી શકશે WhatsApp 8141970070

જે મેળવવા કોલ 19128 / 0261-2551912 / 9099991912 અથવા મેઈલ connect.srt@torrentpower.com કરવા વિનંતી

...આજથી ભવ્ય શુભારંભ...

ટેક્ષટાઈલ મશીનરી - ટેક્ષટાઈલ એન્સીલરીનું વિશાળ એક્ઝીબીશન

SGCCI M84 GLOBAL CONNECT

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર

9th EDITION SITEX SURAT INTERNATIONAL TEXTILE EXPO 6-7-8 JAN 2024

: ઉદ્ઘાટન સમારોહ : શનિવાર, તા. 6 જાન્યુઆરી 2024 સમય : સવારે 10.00 કલાકે

:: ઉદ્ઘાટન સમારોહ અને એક્ઝીબીશન સ્થળ :: સુરત ઈન્ટરનેશનલ એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, ખજોદ ચોકડી પાસે, સરસાણા, સુરત

VENUE SIECC

...પ્રદર્શનમાં આકર્ષણનું કેન્દ્ર...

- ટેક્ષટાઈલ મશીનરીઓ અને એન્સીલરી • મલ્ટી ફીડર સર્કયુલર નીટિંગ મશીન
- પોઝીશનલ ડિજીટલ પ્રિન્ટીંગ મશીન • એમ્બ્રોઈડરી એન્ડ બ્રીડીંગ મશીનરી
- ટેક્ષટાઈલ એન્જીનિયરીંગ • ટેકનિકલ ટેક્ષટાઈલ સંબંધિત મશીનરીઓ

POWERED BY SARJAN POSITION PRINTING MACHINE SILVER SPONSOR EOLTEX Digital Textile Revolution

નોંધ : પ્રદર્શન સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦ કલાક સુધી ખુલ્લું રહેશે અને ૧૬ વર્ષથી નીચેની વયના બાળકોને પ્રવેશ મળશે નહીં.